# કૃષિક્રાંતિના બીજ ગુજરાતે વાવ્યા છે ભાવિ પેઢીને લાભ

## પ્રગતિશીલ ખેડૂત સંમેલન-કૃષિ પ્રદર્શન મેળાનું ઉદ્‌ઘાટન : ગુજરાત એગ્રીકલ્ચર કમિશનની રચના કરાશે : મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૦૧

ગુજરાત ગૌરવ દિવસની આજે શાનદારરીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૫૩માં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા અને તેમની વિશેષ શૈલીમાં ગુજરાતની સિદ્ધિઓ પર પ્રકાશ ફેંક્યો હતો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દક્ષિણ ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતોને રાજ્યની કૃષિક્રાંતિની સફળતા માટે ગૌરવરૂપ ગણાવ્યા હતા. રાજ્યની કિસાન શક્તિનો પુરૂષાર્થ જ કૃષિ વિકાસ ક્ષેત્રે ગુજરાતની શાખ વધારી શક્યો છે, અમે નવસારીમાં યોજાયેલ ખેડૂત સંમેલનમાં તેમણે જણાવ્યું હતું. કૃષિક્રાંતિ માટે સફળતામાં સરકાર અને કિસાનશક્તિની બધી જ તાકાત કામે લાગી છે તેનો આ પરિપાક છે તેની ભૂમિકા આપી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ખેડૂતોને સફળ ખેતી માટે પાણીને બદલે વીજળી મેળવવાના અવળા રવાડે ચઢાવીને કઈ રીતે બરબાદ થવું પડ્યું તેની પણ સમજ આપી હતી. ૫૩માં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીમાં ભાગ લેવા નવસારી આવી પહોંચેલા નરેન્દ્ર મોદીએ કૃષિ યુનિવર્સિટી પરિસરમાં યોજાયેલા કૃષિ પ્રદર્શન મેળાનું નિરીક્ષણ કર્યું હતું. મેંગો ફેસ્ટીવલ ખુલ્લો મુક્યો હતો અને રાજ્યના કૃષિક્રાંતિનું નેતૃત્વ કરી રહેલા પ્રગતિશીલ ખેડૂતોના સેમિનારને પ્રેરક સંબોધન કર્યું હતું. વિકાસના જન આંદોલન અને વિકાસમાં સૌની ભાગદારીનો જે માર્ગ ગુજરાતે અપનાવ્યો છે તેનાથી જન-જન સરકારની યોજનાઓ સાથે જોડાયો છે એમ મોદીએ જણાવ્યું હતું. કૃષિક્ષેત્રે ઉત્તમ સફળ પ્રયોગોમાં સહભાગી બનનારી બધી જ શક્તિઓને ભેગી કરવાનું કામ કૃષિ મહોત્સવ દ્વારા થયું છે એમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું.

"ખેતી માટે પાણી જોઈએ, વીજળી નહીં", એવું રાજ્યના ખેડૂતોને આ સરકારે જ પહેલી વાર સમજાવ્યું અને ખેડૂતોએ સહકાર કર્યો ત્યારથી ગુજરાતની કૃષિ વિકાસયાત્રા આગળ વધતી જ રહી છે. રાજ્યના ખેડૂતોએ આ સરકારની વાત ઉપર ભરોસો મુકીને પહેલા જળસંચય અને હવે ટપક સિંચાઈથી જળસિંચનની વાત પણ સ્વીકારી લીધી છે. ૪૦ વર્ષમાં માત્ર ૧૨૦૦૦ હેક્ટરમાં ડ્રીપીરીગેશન માંડ થતું હતું. આ સરકારના દશ વર્ષના શાસનમાં ટપક સિંચાઈથી નવ લાખ હેક્ટર આવતી લેવાની ગુજરાતે પહેલ કરી છે. કૃષિક્રાંતિના બીજ ગુજરાતે વાવ્યા છે. જે આગામી સદીઓ સુધી ગ્રામ વિસ્તારની સમૃદ્ધિનો પાક લણી શકાશે એમ તેમણે ઉમેર્યું છે. આ સંદર્ભમાં ગુજરાત એગ્રીકલ્ચર કમિશન રચાશે તેવો સ્પષ્ટ નિર્દોશ મુખ્યમંત્રીએ આપ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે માત્ર કૃષિ ઉત્પાદન વૃદ્ધિ જ નહીં પણ કૃષિ ઉત્પાદકતા અને મુલ્યવર્ધિત ખેતી માટે આ સરકારે ગામડાના ખેડૂતોના પરિશ્રમને પ્રોત્સાહિત કર્યા છે. ઓર્ગેનિક ખેતીનો મહિમા સમજાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે જમીનની ગુણવત્તા ઉંચી આવે તે માટે સોઈલ હેલ્થ કાર્ડ માટે અમારી સરકારે ખેડૂતોને ભરોસો આપ્યો છે. નવસારી કૃષિ યુનિવર્સિટી કેમ્પ્સ ખાતે યોજાયેલ ઈનોવેટીવ ફાર્મર્સ દ્વારા અભિનવ કૃષિ પ્રયોગોનું એક વિશેષ પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં પ્રગતિશીલ ખેડૂતોએ કૃષિના અભિવન પ્રયોગોથી મેળવેલ વિશિષ્ટ સિધ્ધિઓ કુલ ૩૦ વિભાગોમાં રજૂ થઈ રહી છે. અહીં કેરીની ૧૦૦ જેટલી વિવિધ જાતોના ૧૦૦૦ નમુનાઓ અને ફુલોનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ છે.






ગાંધીનગરના આપણા સંતાનો અને સહયોગીઓ તથા સુગમસંગીતમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે સુગમસંગીતનું શિક્ષણ મળી રહે તે વિશે છેલ્લા ઘણાં સમયથી 'શિવરંજની' સંસ્થા સઘનપણે વિચારી રહી હતી. તેના ફળ સ્વરુપે 'નવપલ્લવિત દશાબ્દિ વર્ષ' નિમિત્તે શિવરંજની સંસ્થાએ સુગમસંગીતનું શિક્ષણ આપવાના સ્વપ્નને પરિપૂર્ણ કરીને તા. ૨૮-૪-૨૦૧૩ને રવિવારનાં રોજ શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ગાંધીનગર ખાતે અમદાવાદના સુગમ સંગીતના ખ્યાતનામ ગાયક કલાકાર અને પ્રશિક્ષણના સફળ સંચાલક એવા શ્રી નયનભાઈ પંચોલીના માર્ગદર્શન હેઠળ તેમજ અતિથિ વિશેષ તરીકે વસંતભાઈ ગઢવી (રીટાયર્ડ આઈ.એ.એસ.), કમલકિશોર જૈન (સી.એફ.ઓ. અને ડાયરેકટર, ફાયનાન્સ, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન) તેમજ શ્રી અરવિંદ કેન્દ્રના ચેરમેન ડૉ. સી.કે. તન્નાના વરદ હસ્તે તેમજ ગાંધીનગરની અગ્રણી સંસ્થાઓના પદાધિકારીઓની અને વિદ્યાર્થીઓની બહોળી ઉપસ્થિતિમાં 'સુગમ-સંગીત શિક્ષણ'ના વર્ગનું મંગલાચરણ થયેલ છે.

# મહિલાઓ પર થઈ રહેલા અત્યાચારો અંગે ચિંતા વ્યકત કરતું જયોતિ મહિલા મંડળ

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં જયોતિ મહિલા મંડળની ઓફિસમાં મહારાષ્ટ્ર સમાજની બહેનો સાથે એક મહિલા સંગોષ્ઠિનું આયોજન થયું. શ્રીમતી લતાબેન ચોકસીના નેતૃત્વમાં બહેનોએ મહિલાઓ પરના અત્યાચારના વધતા જતા કિસ્સાઓ અંગે ચિંતા અને ચિંતન વ્યકત કર્યા હતા. દિલ્હીમાં બનેલા ગેંગરેપના કિસ્સાઓ અને ગાંધીનગરમાં થયેલા તબીબ પત્નીના મૃત્યુ અંગે બહેનોએ પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો.

૧લી મે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. માત્ર ગુજરાત જ નહિ સમગ્ર દેશમાં સૌ નિજાનંદે મ્હાલે છે. વિપક્ષો સત્તાની સાંઠગાંઠમાં અને સત્તાધારીઓ સત્તા જાળવવાની ફિરાકમાં પડયાં છે ત્યારે રામ-રાજ અને પ્રજા સુખીના બદલે રાવણ રાજય ને પ્રજા ત્રાહિમામનું સૂત્ર વધારે બંધ બેસતું લાગે છે. રાવણ રાજમાં તો તોય સીતા પોતાના શીલનું રક્ષણ કરી શકયા હતા પંરતુ અહીં તો ચોરે ને ચૌટે દુ:શાસન વિચરી રહ્યા છે. 'નિર્ભયા' કે 'દામિની' કે 'ગુડિયા'ના કિસ્સા ચકલેચકલે ભજવાઈ રહ્યાં છે અને દુ:ખની બાબત તો એ છે કે આ એકવીસમી સદીના નરાધમો છે. તેમની મેલી દૃષ્ટિ પાંચ વર્ષની બાળાથી માંડીને ૭૦ વર્ષની વૃધ્ધાઓ સુધી કોઈનેય બક્ષતી નથી. એક સમય હતો જયારે શેરીના નાકે કે જાહેર જગ્યાએ માત્ર કોઈ દીકરીની છેડતી થઈ હોય તો પણ સમાજ ખળભળી ઉઠતો આજે દિકરીઓ હવસખોરોના હાથે પીંખાઈ રહી છે ત્યારે આપણા પેટનું પાણીય હલતું નથી. આ વિધિની વક્રતા ગણવી કે સમાજની જડતા? ખરેખર તો દિકરી ઉપર મેલી નજર નાંખનારની સામે પ્રચંડ લોક જુવાળ ઉઠવો જોઈએ અને બળાત્કારીઓ માટે જાહેરમાં ફાંસી આપવા સિવાય અન્ય કોઈ સજાનો વિકલ્પ સ્વીકાર્ય ન જ હોવો જોઈએ અને બહેનો પરના હિચકારા હુમલા કે કૃત્યના વિરોધ માટે બહેનોએ જ આગળ આવવું પડશે. ઘરની ચાર દિવાલમાં પોતાની દુનિયા સમેટીને બેઠા રહેવાથી આપણી દીકરીઓની સલામતી જાળવી શકાશે ખરી?

અનો વધુમાં આપણી માનસિકતા જ એવી છે કે જયાં સુધી આપણા પગ નીચે રેલો ન આવે ત્યાં સુધી આપણો અંતરાત્મા જાગતો જ નથી. સમસ્યાઓ પ્રત્યે આંખ મીંચામણા કરવાની આ શાહમૃગ વૃતિ આપણા માટે જ ઘાતક પુરવાર થઈ રહી છે. માત્ર બળાત્કાર જ નહિ બહેનો પર થતા કોઈ પણ અત્યાચારને સાંખી નહિ લેવાની નીતિ અપનાવવી જ પડશે. આપણાં જ પાટનગરમાં જાણીતા તબીબની પત્નીનું ધોળા દિવસે ખૂન થઈ જાય છે અને મહિનાથી પોલીસ તપાસના નામે માત્ર ફીફાં ખાંડી રહી છે ત્યારે માત્ર મહારાષ્ટ્ર સમાજની જ બહેનોનો નહી પરંતુ સમગ્ર ગાંધીનગરની બહેનોનો પ્રચંડ વિરોધ જુવાળ ઉઠવો જોઈએ. કાયદા બને છે પરંતુ તેનો અમલ માત્ર કાગળ પર રહી જાય અને આપણી દીકરીઓ-પુત્રવધુઓ અકાળે મોતને ભેટતી રહે તે જરાય સહનીય નથી.

પરંતુ હવે આ વધુ વખત ચલાવી નહિ લેવાય. ગાંધીનગરના પાદરે થયેલી હત્યાનો જો યોગ્ય સમયે નિવેડો નહિ આવે તો જયોતિ મહિલા મંડળની બહેનો અને મહારાષ્ટ્ર સમાજની બહેનો બહેરી સરકારને અને કાયદાના રખેવાળોને જગાડવા માટે ઉગ્ર આંદોલનનો રાહ અપનાવશે. હવે સમાજમાં નારી પરના અત્યાચારને સ્હેજ પણ સાંખી ન લેવા જોઈએ તેવો જયોતિ મહિલા મંડળની બહેનોએ એકસૂર રજૂ કર્યો હતો.

# ગજ્જર સુથાર સમાજનો ૬ઠ્ઠો સમુહ લગ્નોત્સવ ઉજવાયો

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૬ઠ્ઠો સમુહ લગ્નોત્સવ ધર્મજ, જલારામ મંદિર, જી. આણંદ ખાતે તાજેતરમાં યોજાયો હતો. બાદમાં યોજાયેલ સમુહ લગ્નોત્સવમાં ૧૫ યુવતિઓને કુંવરબાઈના મામેરા પેટે તેમજ સાત ફેરા કુમકુમ પગલા યોજના અન્વયે એક કાર્યક્રમ આણંદ ટાઉન હોલ ખાતે યોજાયો હતો.

સમૂહ લગ્નોત્સવ અન્વયે આણંદના ટાઉનહોલ ખાતે રાજયના સમાજ કલ્યાણ મંત્રી રમણલાલ વોરા, નિયામક કે.જી. વણઝારા, સમાજ કલ્યાણ અધિકારી પ્રજાપતિ દ્વારા સમાજની ૧૫ યુવતિઓને રૂપિયા ૧૦ હજારનો ચેક કુંવરબાઈના મામેરા પેટે પ્રત્યેક દિકરી અને ૧૦ હજાર સાત ફેરા કુમકુમ પગલાં પેટે તેમજ બોન્ડ એમ મળી કુલ ૩ લાખ રૂપિયાનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ સુથારને સમુહ લગ્નોત્સવની સહાય પેટે રૂપિયા ૩૦ હજારનો ચેક એનાયત કર્યો હતો.

# સ્વ.ફકીરભાઈ વાઘેલાને પ્રદેશ ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ

અમદાવાદ, તા.૦૧

ભાજપના પ્રદેશ આગેવાન, ગરીબોના બેલી, અનુસૂચિત જાતિના અગ્રણી અને ગુજરાત રાજયના પૂર્વપ્રધાન ફકીરભાઈ વાઘેલાની સ્મશાનયાત્રા તેમના નિવાસસ્થાન ગાંધીનગર સેક્ટર-૨થી નીકલીને અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં આવેલા તેમના જન્મસ્થાને પહોંચી હતી, ત્યારબાદ ઈન્દિરાબ્રીજ પાસે આવેલા ભદ્રેશ્વર સ્મશાનગૃહે સદ્‌ગતના નશ્વરદેહને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. આ સમયે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી થાવરચંદ ગહલોત, અમિતભાઈ શાહ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ, મહામંત્રીઓ વિજય રૂપાણી, શંકરભાઈ ચૌધરી, ભીખુભાઈ દલસાણીયા, રાજયમંત્રી મંડળના સભ્યો નીતિન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રમણ વોરા, સૌરભ પટેલ, પ્રદિપસિંહ જાડેજા, પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ, મહેન્દ્ર ત્રિવેદી, ભરત બારોટ સહિત ધારાસભ્યો પ્રદેશ આગેવાનો ઉપપ્રમુખ આઈ.કે. જાડેજા, કૌશિક પટેલ કાનાજી ઠાકોર અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ અંબાલાલ રોહિત, ઝવેરભાઈ ચાવડા, પૂનમભાઈ મકવાણા સહિત હજારોની સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ ભાજપના પાયાના અને કર્મઠ કાર્યકર સ્વ. ફકીરભાઈ વાઘેલાના દુખઃદ અવસાનથી શોક અને દુ:ખની લાગણી અનુભવી છે. આર.સી. ફળદુએ શ્રધ્ધાજંલી આપતાં જણાવ્યું છે કે, સ્વ. ફકીરભાઈના અવસાન ભાજપે પ્રજા કલ્યાણના કાર્યો કરનાર એક યોદ્ધાને ગુમાવ્યો છે. ભાજપે ગરીબો અને વંચિતોના વિકાસ માટે સતત મથામણ કરનાર વિરલ વ્યક્તિત્વને ગુમાવ્યું છે. ભાજપના સમગ્ર પરિવારને સ્વ. ફકીરભાઈ વાઘેલાના અવસાનથી મોટી ખોટ પડસે તેમ પણ જણાવ્યું છે. ભાજપના અગ્રણી પરશોત્તમભાઈ રૂપાલાએ ૧૯૭૧થી રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલા ગુજરાત રાજયના પૂર્વ કેબીનેટ મંત્રી સ્વ. ફકીરભાઈ વાઘેલાને શ્રધ્ધાજંલી અર્પતા જણાવ્યું હતું કે, સરકારમાં રહીને અને સંગઠનમાં રહીને ભાજપની રાષ્ટ્રવાદી વિચારધારાને જન-જન સુધી સચોટતાથી પહોંચાડવાનું ભગીરથ કાર્ય પણ કર્યું હતું. ભાજપે તેઓના અવસાનથી પાયાનો પથ્થર ગુમાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી થાવરચંદ ગહલોત તેમજ અમિતભાઈ શાહે સ્વ. ફકીરભાઈ વાઘેલાના દુખઃદ અવસાનથી શોકની લાગણી અનુભવી તેઓને રાષ્ટ્રીય સ્તરે ભાજપના સંગઠનના વિસ્તારમાં ભજવેલી કામગીરીને યાદ કરીને રાષ્ટ્રીય ભાજપ વતી શ્રધ્ધાજંલી અર્પી છે.

# ભદ્રના શહીદ સ્મારક ખાતે શહીદને શ્રદ્ધાંજલિ અપાઈ

અમદાવાદ, તા.૦૧

ગુજરાતના ૫૩મા સ્થાપના દિન નિમિત્તે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં લાલ દરવાજા ખાતે મહાગુજરાતના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ ભદ્ર શહિદ સ્મારક ખાતે શહિદોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઈન્દુચાચાના નેતૃત્વમાં ગુજરાતના દૂધમલ યુવાનોએ મહાગુજરાત ચળવળ દ્વારા ગુજરાત હાંસલ કર્યું હતું. તે વખતે કોંગ્રેસનું શાસન હતું અને ભદ્રમાં કોંગ્રેસના કાર્યાલયમાંથી ગુજરાતના વિદ્યાર્થીઓ પર બેરહેમ ગોળીબાર કરી અને નવજવાનોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. ભય અને આંતકનું સામ્રાજય હતું તેમ છતાં ઈન્દુચાચા નેતૃત્વમાં ગુજરાતે અહિંસક લડત દ્વારા ગુજરાત પ્રાપ્ત કર્યું હતું.

સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર સાથે એક એક નાગરિકનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી આપણે પ્રગતિના માર્ગ પર વધુને વધુ ગતિથી આગળ વધીએ, એવી મુખ્યમંત્રીએ શુભકામનાઓ પાઠવી છે.

## છતાં કામ અધુરું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં ગટરલાઈનની કામગીરી પૂર્ણ થઈ નથી. ગટરલાઈનની કામગીરી માટે નિયત થયેલી એજન્સી પણ બેદરકાર નિવડી હોવાનું ધ્યાને આવતા તંત્ર કક્ષાએથી એજન્સીને નોટીસ આપી પેમેન્ટ અટકાવી દેવાયું હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પરંતુ આ સઘળી સ્થિતિ વચ્ચે કરોડોના ખર્ચ પછી પણ શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈનનું કામ પૂર્ણ થઈ શકયું નથી. જયારે હવે બાકીનું કામ પૂર્ણ કરવા તંત્ર દ્વારા સર્વે હાથ ધરી નવેસરથી એસ્ટીમેટ તૈયાર કરવા વિચારણા કરવામાં આવી છે. ગામોમાં બાકી કામગીરી ત્વરિત પૂર્ણ થાય તેવું આયોજન કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## આખરે તોડી પજાશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ કેદ રહેતા વર્ષોના અંતે પણ આ નિર્ણય માત્ર કાગળ પર જ રહેવા પામ્યો હતો. બીજી તરફ શહેરમાં જોખમી આવાસોના બ્લોક પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થયાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ નિકાલ હેઠલના મકાનો પણ તંત્ર માટે લટકતી તલવાર સમાન પુરવાર થયા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્કના રૂટમાં આવતા સે-૧૬ના નિકાલ હેઠળના અમુક મકાનો અગાઉ તોડી પાડવામાં આવ્યા હતા પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોમાં ૧૮૪૪ મકાનો હજુ પણ યથાવત સ્થિતિમાં છે. થોડા સમય અગાઉ આવા મકાનોમાં ગેરકાયદેસર રાતવાસો કરતા શ્રમિકોને પણ તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા હતા. બીજી તરફ આવા મકાનો સીલ કરવાનો ખર્ચ પણ માથે પડે તેમ હોવાથી તંત્રના અધિકારીઓ માટે છેલ્લા કેટલાક સમયથી આ જોખમી આવાસો શિરદર્દ સમાન બન્યા છે જયારે નિકાલ હેઠળના આ આવાસોના મામલે ૮ વર્ષના અંતે નકકર નિર્ણય લેવા અગાઉ તંત્રના અધિકારીઓએ ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન કર્યું હતું. ત્યારબાદ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક બેઠક પણ યોજવામાં આવી હતી. વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા ચક્રો ગતિમાન થયા છે. જયારે ટૂંક સમયમાં જ આ આવાસો તોડવાનું કામ પણ શરુ કરી દેવાશે.

## કારોબારી સમિતિના ચેરમેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલ સામાજીક ન્યાય સમિતિના તમામ સદસ્યો હાજર હતા તેમજ કો. સભ્યો હાજર હતા. સામાજીક ન્યાય સમિતિ તમામ સભ્યોની હાજરીમાં મેન્ડેટ વાંચી સંભળાવવામાં આવ્યો અને સર્વાનુમતે સામાજીક ન્યાય સમિતિ ચેરમેનશ્રી તરીકે હસમુખભાઈ કેશવલાલ વાણીયા (તાલુકા પંચાયત સીટ ભાટ)ની વરણી કરવામાં આવે છે.

આ બન્ને અધ્યક્ષની વરણી માટે બોલાવાયેલ બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, કાળુસિંહ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા ભાજપા મહામંત્રી નરેન્દ્રસિંહ, ભાજપા તાલુકા પ્રમુખ શ્રી શૈલેષભાઈ તથા કારોબારી સમિતિના સદસ્યો તથા સામાજીક ન્યાય સમિતિના સદસ્યો હાજર રહેલ.

## દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સેકટર-૨-એ ખાતે રહેતા ભાનુપ્રસાદ પોપટલાલ ભટ્ટ (મનિષકુમાર શ્રોફ)ના ધર્મપત્ની સ્વ. મધુબેન ભાનુપ્રસાદ ભટ્ટ (નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સે-૨૪/૨)નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમના અવસાનથી પરિવારમાં શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

ટચૂકડી જાહેર ખબર

**જોઈએ છે**

મંદિર માટે સેવક, પૂજા વિધિનું જ્ઞાન જરૂરી નથી. જ્ઞાતિબાધ નથી. ૨૪ કલાક રહેવું જરૂરી. પગાર લાયકાત-નિષ્ઠા મુજબ

**સંપર્ક : તા. ૩ ● સાંજે ૫-૦૦**

પ્લોટ ૨૯૬, શ્રેયસ સોસાયટી, સે.૨૨, ગાંધીનગર

**ફોન : ૨૩૨૨૦૦૧૮**

## કંપની સમાચાર

### ગો ચીઝ રજૂ કરે છે

### છ આંતરરાષ્ટ્રીય ફ્લેવર સાથે ચીઝ સ્પ્રેડ્સ ટબ

ભારતની સૌથી વિશાળ ખાનગી ડેરી અને અત્યંત વહાલી દૂધ અને ચીઝ પ્રોડકટોની ગોવર્ધન અને ગો શ્રેણી પરાગ મિલ્ક ફૂડસ (પ્રા.) લિ. દ્વારા આજે ચીઝ સ્પ્રેડ્સ ટબ રજૂ કરવામાં આવી છે. આ સ્વાદિષ્ટ, મુલાયમ અને મલાઈદાર ચીઝ સ્પ્રેડ આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણની ૧૦૦ ટકા નૈસર્ગિક સામગ્રી સાથે આવે છે. આગામી ગો ચીઝ સ્પ્રેડસ ટબ છ આંતરરાષ્ટ્રીય ફલેવરમાં મળશે.

પરાગ મિલ્ક ફૂડસ પ્રા. લિ. ના ચેરમેન શ્રી દેવેન્દ્ર શાહે જણાવ્યું હતું કે, ઉદ્યોગના અંદાજ મુજબ ભારતમાં એકંદર ચીઝ બજાર રૂા. ૬૨૫ કરોડે ૨૫૦૦૦ મેટ્રિક ટનનું છે, જે ૨૦ ટકાથી પણ વધુ દરે વૃદ્ધિ પામી રહી છે. સાઉથ એશિયામાં સૌથી વિશાળ અને અત્યાધુનિક ચીઝ પ્લાન્ટ અને મજબૂત ગો બ્રાન્ડ સાથે પરાગ મિલ્ક ફૂડસ, પ્રા.લિ. ચીઝ બજારમાં વર્ચસ જમાવી રાખવા માગે છે. અમે આ આંતરરાષ્ટ્રીય ફલેવર્સ અમારી ચીઝ પ્રોડકટોની વર્તમાન શ્રેણીમાં ઉમેરવામાં બેહદ ખુશી અનુભવી રહ્યા છીએ. ગો ચીઝ હંમેશા ઉત્ક્રાંતિ પામતા સ્વાદ અને નાવિન્યતામાં આગેવાન રહી છે અને ગો ચીઝ સ્પ્રેડ્સ ટબ ગો ચીઝને ભારતની સૌથી વિશાળ અને અત્યંત ભરોસાપાત્ર ચીઝ બ્રાન્ડ બનાવવાની દિશામાં વધુ એક આગેકૂ છે.

પરાગ મિલ્ક ફૂડસ પ્રા.લિ.ના સીએમઓ શ્રી મહેશ ઈસરાનીએ જણાવ્યું હતું કે, ભારતમાં અમારી પાસે ચીઝ પ્રોડકટોની સૌથી વિશાળ શ્રેણી છે. અને ચીઝ સ્પ્રેડમાં છ નવા પ્રકારની રજૂઆત સાથે અમે વવિધતા, નાવીન્યતા અને આંતરરાષ્ટ્રીય સ્વાદ ચાહતા ગ્રાહકોને અમારી વિસ્તારિત શ્રેણી ઓફર કરી રહ્યા છીએ.

## જાહેર નિવિદા ૨, સને-૨૦૧૩-૧૪

**પાટનગર યોજના પેટા વિભાગ નં.૩, ગાંધીનગર**
**પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર**

આથી સર્વે સપડાં ધોરાઈ તથા ઈસ્ત્રી કામમાં રસ ધરાવતા ઈસમો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ-૩, સેક્ટર નં.૧૬, ગાંધીનગરની કચેરીના નિયંત્રણ હેઠળના સેક્ટર-૧૧ ખાતેના પથિકાશ્રમ ખાતેના સરકારી ૩૦ રૂમ તથા ૩ ડોરમેટરી રૂમોનાં કપડાંની ધોલાઈ તથા ઈસ્ત્રી કામ કરવા માટેના ભાવો રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી માંગવામાં આવે છે.

કોરા ભાવપત્રક તથા શરતોનું વિતરણ અત્રેથી તા. ૬/૫/૨૦૧૩ સુધી રૂ. ૩૦૦.૦૦ ફી રજુ કરેથી કચેરી સમય દરમિયાનમાં આપવામાં આવશે. ટપાલ દ્વારા કોરા ભાવપત્રક મંગાવનાર ઈસમે રૂ. ૧૦૦/- વધારાના ટપાલ ખર્ચ પેટે ચુકવવાના રહેશે.

ભાવપત્રક જરૂરી ભાવો અત્રેની કચેરીને તા. ૧૫/૫/૧૩ સુધીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી પહોંચતા કરવાના રહેશે. અત્રે મળેલ ભાવપત્રકો ઉપસ્થિત રસ ધરાવતાં ઈસમોની રૂબરૂમાં તારીખ ૧૬/૫/૨૦૧૩ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. મુદત પુરી થયેથી મળેલ ભાવપત્રકો પર કોઈપણ જાતનું ધ્યાન આપવામાં આવશે નહીં.

ભાવપત્રક ભરનાર ભાવપત્રક સાથે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૩, સેક્ટર નં.૧૬, ગાંધીનગરના નામની બાંધી મુદતની રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ની શિડ્યુલ બેંકની રસીદ બાનાની રકમ પેટે અવશ્ય બિડવાની રહેશે.

સેક્ટર-૧૧ ખાતેના પથિકાશ્રમ ખાતેની કપડાં ધોલાઈ ઈસ્ત્રીની કામગીરીના ભાવો કરવર ઉપર ધોલાઈના ભાવો સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે.

સદરહુ ભાવો મંજુર થયેથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. એક યા બધાજ ભાવપત્રકો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાની સત્તા સંબંધિત અધિકારીને અબાધિત રહેશે.

માહિતી/૧૯૮/૧૩-૧૪

## શબ્દાવલી - ૫૦૫૨



**આડી ચાવી**

૧. ખાલી જગ્યા, ફાજલ સમય (૪)
૩. તુલસીદાસ... ધીસે, તિલક કરે રઘુવીર (૩)
૫. ગોડાઉન, માલ સંઘરવાની જગા (૩)
૬. સ્ટીલનું કચોળું (૩)
૭. નોકર-ચાકર (૨)
૮. બાપનું - કુળનું નામ... કરવું (૩)
૧૧. આશ્ચર્ય ચકિત થવું (૨)
૧૩. પરણેલું ના હોય તેવું (૩)
૧૫. સગવડ
૧૮. અગ્નિની લબકારા મારતી જયોત (૩)
૧૯. અપનાવવું તે, ... કરવો (૩)
૨૦. બુમ, બોલાવવા... કરવો (૨)

**ઊભી ચાવી**

૧. ઘણા બધા (૩)
૨. જેલ, કારાગાર (૪)
૩. ચાંદો, ... હૈ તું મેરા સૂરજ હૈ તુ (૨)
૪. શ્વાસનો રોગ (૨)
૫. અવાજ, બખારો (૩)
૭. ડાઘો (૨)
૯. દુષ્યની રાજા જેને ભૂલી ગયો હતો તે તેની પત્ની (૪)
૧૦. જૂના નહિ તેવા (૨)
૧૧. દેખાડો, ખોટો દેખાવ (૨)
૧૨. સિંહ (૩)
૧૪. છુટ્ટા થવું, ... કરવું (૪)
૧૬. ખોટો બકવાસ કરવો (૩)
૧૭. એક પીણું (૨)

### શબ્દાવલી ૫૦૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) સજીવારોપણ (૫) જસ (૬) ભાગેડુ (૭) કજરારી (૧૦) સકામ (૧૨) બંધુક (૧૩) પ્રહર (૧૪) લાંબા (૧૫) યોજના (૧૭) કામના (૨૦) આગ (૨૧) રસોળી

**ઊભી ચાવી :-** (૧) સદ્‌ભાગ્ય (૨) વાયડુ (૩) પટાક (૪) બંસરી (૫) જરા (૮) જળબંબાકાર (૯) જામ (૧૦) સહયોગ (૧૧) કારજ (૧૬) નાક (૧૮) મસો (૧૯) નાળી